# કાપોદ્રા અક્ષર ડાયમંડ થયેલ ચર્ચાસ્પદ લુંટના આરોપીઓને મુદામાલ સાથે ગણતરીના દિવસોમાં ઝડપી પાડતી, કાપોદ્રા પોલીસ.

તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ કલાક:૧૯/૪૫ વાગ્યાના સુરત કાપોદ્રા સ્નેહમુદ્રાની પાસે આવેલ અક્ષર ડાઇમંડ બીલ્ડીંગ નં.૫, ગાળા નં.૧૦૧, બ્રહ્માણી ડાયમંડમાં ચારેય ઇસમોએ આવી ફરીયાદીશ્રી મનસુખભાઇ મગનભાઇ અવૈયા જાતે લેઉવા પટેલના ગળાના ભાગે ધારદાર છરા જેવુ હથિયાર રાખી ઓફિસ તેમજ કારીગરોને કામ કરવા આપેલા રી-કટ હિરાઓ આશરે ૧૦૦ કરેટના આશરે કિ.રૂ.૫,૫૦,૦૦૦/- તેમજ ૨૦ કેરેટના તૈયાર હિરા કિ.રુ.આશરે ૧,૦૦,૦૦૦/ તથા રોકડા રૂ.૧,૦૮,૦૦૦/-તથા મોબાઇલ ફોન કિ.રૂ.૧,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૭,૫૯,૦૦૦/-ના માતાની લુંટ કરી નાસી ગયેલા જે કાપોદ્રા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૧૦૦૨૨૨૨૧૬૦૨/૨૦૨૨ ઇ.પી.કો.કલમ ૩૯૨,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુન્હો દાખલ થયેલ હોય.

ગુન્હાવાળી જગ્યાના આજુબાજુના સી.સી.ટી.વી. કુટેજ ચેક કરાવી ટેકનીકલ સર્વલન્સ તથા હ્યુમન સોર્સીસથી તથા અંગત બાતમીદાર પાસે મળેલ બાતમી હકિકતથી આરોપીઓની સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસોના ટીમ વર્કથી ઓળખ થતા સર્વેલન્સ સ્ટાફનાઓએ સદર ગુન્હાને અંજામ આપનાર આરોપીઓ માંથી આરોપી નં.(૧) વિપુલ ઉર્ફે બાજ કાબજીભાઇ નકુમ જાતે આહીર ધંધો.હીરા મજુરી રહે.બાપા સીતારામ ટેનામેન્ટ મરઘા કેન્દ્ર કાપોદ્રા, સુરત મુળગામ કોટડી તા.રાજુલા જી.અમરેલી તથા (૨) દિપક નાગજીભાઇ લાડુમોર ધંધો. હીરા મજુરી રહે. મ.નં. ૯૭, સીતારામ સોસાયટી, અર્ચના સ્કુલ પાસે, બોમ્બે માર્કેટ રોડ, પુણાગામ, સુરત. મુળગામ દુલર્ભ નગર મહુવા રોડ રાજુલા જી.અમરેલી (૩) અશ્વિનજી અમરતજી ઠાકોર ધંધો. ચા ની લારી રહે. ૨૨,૨૩, સોમનાથ સોસાયટી જી.ઇ.બી.ની પાછળ કાપોદ્રા, સુરત મુળગામ મો.નં. વસઇ ડાબલા તા. વિજાપુર જી. મહેસાણાનાઓને લુંટ કરેલ મુદામાલ તથા ગુન્હામાં ઉપયોગ કરેલ હથિયાર સાથે ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં તજવીજ હાથ ધરેલ છે.

ભેદ શોધી કાઢેલ ગુન્હાની વિગત-(૧)કાપોદ્રા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૨૨૨૨૧૬૦૨/૨૦૨૨ ઇ.પી.કો.કલમ ૩૯૨,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ આરોપી વિપુલ ઉર્ફે બાજ કાબજીભાઇ નકુમ જાતે આહીર નાઓનો ગુનાહીત ઇતિહાસ.(૧) વરાછા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર નં. ૩૦૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૩૯૪,૩૯૭,૫૦૪,૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

રીકવર કરેલ મુદ્દામાલ:-(૧) રીકટ હિરા ૧૦૦ કેરેટ તથા તૈયાર હિરા ૨૦ કેરેટ મળી જેની કુલ્લે આશરે કિંમત-૭,૦૦,૦૦૦/- (૨) રોકડા રૂપિયા:-૭૦,૫૦૦/-(૩) બે રેમ્બો છરા તથા ટાટા કંપનીનો લાકડાના હાથાવાળો કોઇતો.